PG CL | પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ | PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૯/કવા–૦૩/૧૭–૧૮/ 4735 તા. 28-5-18

રજી. એડી પત્ર

પ્રતિ,
ઈન્ડસ ટાવર લીમીટેડ,
C/O, નિતેશ માથુર
૧૦૩ – બાલેશ્વર સ્કવેર,
એસ.જી.હાઈવે,
અમદાવાદ – ૩૮૦૦૧૫

**વિષય :–ઓડિટ રીકવરી ની રકમ બાબત**

**સંદર્ભઃ– આપની અરજી , તા. ૦૨–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૯/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

6B

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3)

**નકલ રવાના :**

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૯/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગઃ તા. ૦૫–૦૪–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ઈન્ડસ ટાવર્સ લીમીટેડ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનારઃ અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે ઉમેશભાઈ કારાવડીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : માધાપર પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : ઓડિટ રીકવરી ની રકમ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ઓડિટ રીકવરી અંગે નુ – ૧૫૮૨૯૮ યુનીટ નુ – રૂ.૧૦,૪૦,૫૪૧/– બીલ મળેલ. જે અયોગ્ય લાગતા તેમની રજુઆત મુજબ – તેઓ નિયમીત વીજબીલ ભરપાઈ કરે છે. તે મુજબ – તેઓના વીજબીલ તા. ૩૦–૦૯–૧૫ મા રીડીગ ૪૭૬૧૪૨ હતા. ત્યારબાદ, માહે ડિસેમ્બર–૧૫, જાન્યુઆરી–૧૬, ફેબ્રુઆરી– ૧૬ ના બીલ ૪૮૭૦ યુનીટ ના ફોલ્ટી મીટરના બીલો અપાયેલ હતા. જયારે સદર મીટર લેબોરેટરી ચેકીગ દરમ્યાન છેલ્લા રીડીગ ૬૪૪૫૨૬ યુનીટ જણાયેલ હતા. જે ખૂબજ વધારે રીડીગ જણાતા સબંધક પેટા વિભાગીય કચેરી મા – ચોકકસાઈ બાબતે સંપર્ક કરતા – એમ.આર.આઈ. અહેવાલ મા જણાવ્યા મુજબ – સદર રીડીગ ના સમયગાળા ઉપલબ્ધ થયેલ ન હોય – જેથી અસંતોષ થયે – ૫૦% રકમ ઓડિટ રીકવરી ના ભરપાઈ કરીને – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મે. ઈન્ડસ ટાવર્સ લીમીટેડ ગ્રાહક નં. – ૩૦૭૨૪/૦૮૪૩૧/૨ થી ૨૫ કીવો એનઆરજીપી કેટેગરી નુ માધાપર પેટા વીભાગીય કચેરી હેઠળ વીજ જોડાણ ધરાવે છે. સદર ગ્રાહક નુ મીટર ફોલ્ટી હોવાથી તા.૧૪–૦૩–૧૬ ના રોજ બદલાવેલ – જે મીટર નુ તા.૨૨–૦૬–૧૭ ના રોજ લેબોરેટરી ચેકીગ દરમ્યાન – રીડીગ પેરામીટર મુજબ છેલ્લા યુનીટ ૬૪૪૫૨૬.૩૯ કેડબલ્યુએચ રીડીગ માલુમ પડેલ હતા. જયારે ફેબ્રુઆરી– ૧૬ દરમ્યાન – સદર મીટર ના છેલ્લા રીડીગ ૪૮૭૦૧૨ કેડબલ્યુએચ બતાવેલ હતા.<br>• સુરેન્દ્રનગર વર્તુળ કચેરી ની આંતરીક ઓડિટ ટીમ ના ઓડિટ દરમ્યાન – સદર કેઈસ મા, પેન્ડીગ યુનીટ ૬૪૪૫૨૬.૩૯ – ૪૮૭૦૧૨ = ૧૫૭૫૧૪ કેડબલ્યુએચ યુનીટ ના તફાવત નુ ઓડિટ રીકવરી રકમ રૂ. ૧૦૪૦૫૪૧.૪૫ આકારેલ. જે અન્વયે – માધાપર પેટા વીભાગીય કચેરી દ્વારા – સદર વીજ ગ્રાહક ને પત્ર નં.: ૩૦૨૪ તા.૨૨–૦૬–૧૭ ના રોજ નિયમાધીન નોટીસ અપાયેલ. ત્યારબાદ – સદર બાબતે અરજદાર દ્વારા રૂબરૂ તેમજ પત્ર વ્યવહાર કરવામા આવેલ, તે મુજબ – અરજદાર ને એમ.આર.આઈ. અહેવાલ ની નકલ માંગેલ – જે તેઓને તુરંતજ આપી, માહિતગાર કરી અને સમજાવેલ છે. તેમજ, ગ્રાહક દ્વારા સદર ઓડિટ રીકવરી ની ૫૦% રકમ રૂ. ૫૨૦૨૭૦/– વાંધા સાથે ભરપાઈ કરાયેલ છે. આમ, લેબોરેટરી રીપોર્ટ મુજબ – મીટર યોગ્ય હોય – જેથી, અરજદાર ને નિયમાધીન નોટીસ આપ્યા મુજબ ની રકમ ભરપાઈ કરવાની થાય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્પ થયેલ છે.

**૩.૧** અરજદાર ની ફરીયાદ મુજબ – તેઓ ઈન્ડસ ટાવર્સ પ્રા.લી. ના નામથી ગ્રાહક નં.: ૩૦૭ર૪/૦૮૪૩૧/ર – મોરબી રોડ ખાતે એનઆરજીપી ટેરીફ હેઠળ ર૫ કીવો નુ વીજ જોડાણ ધરાવે છે. તેઓની ફોલ્ટી મીટર ની ફરીયાદ ના અનુસંધાને – અરજદાર ના પ્રતિનીધી કોઈ હાજર રહેલ ન હોય – જે તે સમયે સવાલવાળુ થ્રી ફેઇઝ ઉતારી અને નવુ થ્રી ફેઇઝ મીટર લગાડી – જુના મીટર ને પેપર પેક કરી –જે તે વખતે અરજદાર કે જેમા મીટર ની ચકાસણી માટે તા.૧૬–૦૩–૧૬, તા.ર૩–૦૩–૧૬ અને તા.૩૦–૦૩–૧૬ મા હાજર રહેવા જણાવેલ. જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.03.08.17 | New Meter Dt.31.10.16 | Old Meter-As per MTLab dt.24.08.17 |
|---|---|---|---|
| Make | L&T | L&T | L&T |
| Meter No | 08127390 | PG-715702 | 08177390 |
| Capacity | 10- 60A | 10- 60A | 10- 60A |
| C. Reading | Not readable | | 644526.39 |

ઉપરોકત સવાલવાળુ મીટર – મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા – અરજદાર શ્રી ને અપાયેલ ત્રણ તારીખો મા હાજર રહેવાની જાણકારી આપેલ હોવા છતા – એકપણ મુદતે ગ્રાહક કે તેમના પ્રતિનીધી હાજર ન રહેતા. સદર મીટર ની એક તરફી લેબોરેટરી ચકાસણી કરવામા આવેલ હતી. જેના રીપોર્ટ મુજબ – સવાલવાળુ મીટર યોગ્ય જણાયેલ છે.

**૩.ર** સદર અરજદાર ના પી.આર.ટી.–૧૪૫ મુજબ વીજવપરાશ નીચે મુજબ જણાયેલ છે.

| Month/ Year | 2013 | | 2014 | | | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| Dec | 304559 | 8175 | 381782 | | 4144 | 433453 | | 2417 | 487012 | | 5758 | 68273 | | 7383 | 156145 | | 4702 |
| Jan | 312418 | 7859 | 385926 | | 4144 | 438820 | | 5367 | 487012 | F | 4870 | 74590 | | 6317 | 162194 | | 6949 |
| Feb | 316840 | 4422 | 390070 | | 4144 | 443452 | | 4632 | 487012 | F | 4870 | 81735 | | 7145 | 166112 | | 3918 |
| Mar | 323456 | 6616 | 394821 | | 4751 | 448641 | | 5189 | 487012 | F | 4870 | 89981 | | 8246 | 171926 | | 5814 |
| Apr | 335112 | 11656 | 399470 | | 4649 | 451066 | | 2425 | 789 | C | 4870 | 96261 | | 6280 | 177105 | | 5179 |
| May | 339990 | 4878 | 403924 | | 4454 | 456280 | | 5214 | 9187 | | 8398 | 103034 | | 6773 | | | |
| Jun | 347944 | 7954 | 409480 | | 5556 | 459821 | | 3541 | 17671 | | 8484 | 111757 | | 8723 | | | |
| Jul | 356080 | 8136 | 415341 | | 5861 | 463133 | | 3312 | 27217 | | 9546 | 118003 | | 6246 | | | |
| Aug | 361940 | 5860 | 420220 | | 4879 | 468093 | | 4960 | 36391 | | 9174 | 127441 | | 9438 | | | |
| Sep | 366840 | 4900 | 425421 | | 5201 | 472416 | | 4223 | 44997 | | 8606 | 134671 | | 7230 | | | |
| Oct | 372033 | 5193 | 428062 | | 2641 | 476142 | | 3726 | 53902 | | 8905 | 143789 | | 9118 | | | |
| Nov | 377638 | 5605 | 431036 | | 2974 | 481254 | | 5112 | 60890 | | 6988 | 151443 | | 7654 | | | |

**૩.૩** સદર સવાલવાળુ મીટર જે તે સમયે ડિસ્પ્લે બંધ હોવાના કારણોસર – મીટર નુ રીડીગ લઈ શકાયેલ ન હતુ. પરંતુ, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ – લેબોરેટરી મા અરજદાર ની ફરીયાદ બાદ ડાઉનલોડ કરાયેલ તે મુજબ અને પીજીવીસીએલ દ્રારા રજુ કરાયેલ પત્રક મુજબ – સદર ગ્રાહક નો વીજવપરાશ સબંધક વીજબીલ સમયગાળા મા નીચે મુજબ જણાયેલ છે.

| Month/ Year | CONSUMPTION- M.Sr. No.- L&T 08127390 | |
|---|---|---|
| | AS PER BILLING | AS PER MRI |
| DTD: 01-10-2015 TO DTD: 22-10-2015 | 5112 | 6632.793 |
| DTD: 23-10-2015 TO DTD: 22-11-2015 | 5758 | 9144.784 |
| DTD: 23-11-2015 TO DTD: 21-12-2015 | 4870 F | 8044.508 |
| DTD: 22-12-2015 TO DTD: 18-01-2016 | 4870 F | 7299.22 |
| DTD: 19-01-2016 TO DTD: 21-02-2016 | 4870 F | 9297.189 |
| DTD: 22-02-2016 TO DTD: 21-03-2016 | 4870 F ( M/C) | 6060.02 ( Upto 14-03-16) |

ઉપરોકત બાબત પરથી સ્પષ્ટ થાય છે કે – મીટર ડિસ્પ્લે બંધ હોવા સીવાય ના બીલીગ સમયગાળા દરમ્યાન મીટર

| | |
|---|---|
| | રીડર દ્વારા લેવાયેલ રીડીગમા અસમાનતા – એટલેકે મીટર રીડીગ ઓછા નોંધાયેલ છે. જે ખૂબ:જ ગંભીર બાબત હોય – પીજીવીસીએલ કક્ષાએથી કસુરવાર સામે કંપની ના નિયમ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે સુચિત કરવામા આવે છે. તેમજ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના વિભાગ ૬ ના પેટા મુદદા નં. ૬.૨૧ મુજબ – કોઈપણ કારણોસર બીલ તૈયાર કરવાના કામ દરમ્યાન – મીટર વાંચવામા ન આવે તો પરવાનેદાર વાંચન લેવાયેલ હોય – તે છેલ્લા ૦૩ માસ ના સત્ર મા – સરેરાશ વીજવપરાશી યુનીટ ના આધારે કામ ચલાઉ બીલ તૈયાર કરશે, આવી કામ ચલાઉ બીલ તૈયાર કરવાની વ્યવસ્થા સળંગ – બે બીલીગ સાયકલ કરતા વધુ સમય માટે ચાલુ રહેશે નહી. તેમ છતા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સરેરાશ વીજબીલ અપાયેલ છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર ને તાકીદ કરવામા આવે છે કે – સદર બાબતે ભવિષ્યમા મીટર રીડીગ ની ગુણવતા જળવાઈ તે બાબતે યોગ્ય વ્યવસ્થા કરવી. – તેમજ વીજ મીટર મા કોઈ કારણોસર વાંચન થઈ શકાતુ ન હોય– તેવા કેઈસ મા નિયમાધીન સમયસર કાર્યવાહી કરવી અને તમામ વીજ મીટર નો એમ.આર.આઈ. અહેવાલ મીટર ચકાસણી લેબોરેટરી માં અચૂક ડાઉનલોડ કરી યોગ્ય સંગ્રહ રાખવા અને સદર બાબત ની નોંધ – મીટર ચકાસણી શીટ મા અવશ્ય કરવા ની તાકીદ કરવામા આવે છે. |
| **૩.૪** | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૧ થી ૩.૩ મુજબ ની વિગતે – અરજદાર ને અપાયેલ ઓડિટ રીકવરી નુ વીજબીલ નિયમાધીન યોગ્ય છે. તેમજ – પીજીવીસીએલ પક્ષકાર ને મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે – જરૂરી કાર્યવાહી કરવા જણાવવામા આવે છે. તેમ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**